37

ક્રમાંક/વહટ/૬૩/૨૦૦૫/ ૪૫૯૨-૭૬૧૧

નોંધણી સર નિરીક્ષક કચેરી,
ગુજરાતરાજય,ગાંધીનગર,
સ્ટેમ્પ અને નોંધણીભવન.,
સેકટર-૧૩-સી.,ખ.રોડ,
ગાંધીનગર. તા.૩/૫/૨૦૦૫

પ રિ પ ત્ર

નાબાર્ડની ગુજરાત પ્રદેશની રાજયકક્ષાની સંકલન અને સમીક્ષા સમિતિની ૬૪-મી બેઠકના એજન્ડાના મુદ્દા અને નાબાર્ડ વ્દારા સરકારશ્રીમાં થયેલ રજુઆત મુજબ તાલુકા કક્ષાએ સબ-રજીસ્ટ્રારો વ્દારા કૃષિ-વિષયક ધિરાણની બોજા નોંધ કરવામાં એક માસ કે તેથી વધુ સમયનો વિલંબ થાય છે જે પ્રજાભિમુખ વહીવટને ધ્યાને લેતાં ઉચિત નથી.

આથી રાજયના તમામ નોંધણી અમલદારોને જણાવવામાં આવે છે કે , નોંધણી અધિનિયમ ૧૯૦૮-ની કલમ. ૮૯ હેઠળ રજુ થતા ખેતી-વિષયક ધિરાણના એકરારનામા, ગીરોખતની નકલો રજુ થયા બાદ સંબંધિત કાયદા અને નિયમોની જોગવાઇઓ ધ્યાને લઇ આવા એકરારનામાની એક નકલ યોગ્ય ચોપડામાં ફાઇલ કરી, તેની બોજા નોંધ કરી, બીજી પ્રત ધિરાણ આપનાર સંસ્થાઓને શકય હોય ત્યાં સુધી તાત્કાલિક મોકલી આપવી. પરંતુ કોઇ પણ સંજોગોમાં દિન-૭- થી વધુનો વિલંબ બોજા નોંધની કામગીરી થવા ના પામે તેની તકેદારી રાખવી. જે તે જીલ્લાના નોંધણી નિરીક્ષકશ્રીઓએ તપાસણી કામગીરી દરમ્યાન આ બાબતે જરુરી ચકાસણી કરવા નોંધ લેવા જણાવવામાં આવે છે.

નોંધ પર ઇ.જ.ર.શ્રીની સહી છે.

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાતરાજય, ગાંધીનગર

નકલ રવાના:
નોંધણી નિરીક્ષકશ્રી તમામ તરફ..જાણ વ અમલ સારુ..
સબ-રજીસ્ટ્રારશ્રી તમામ તરફ..જાણ વ અમલ થવા સારુ..
ઇ.જ.ર. કચેરીની તમામ શાખા તરફ.